સુબોધક શક્તિ સ્તુતી.

નવરાત્રી મહોત્સવ પ્રસંગમાં ગવાયેલાં ગાયન.

વીઠલવાડી.

રચી પ્રસિદ્ધ કરનાર

કરૂણાશંકર હરજીવન વ્યાસ.

મુંબઈ.
"સાક્ષર સહાયક–પ્રજા પ્રબોધક મંડળી"ના છા૦ છાપ્યું.

મુલ્ય ૦ાા આનો.

हरिः ॐ

श्री आद्यशक्ति विजयते

याकुन्देन्दु तुषार हार धवला, या शुभ्रवस्त्रा वृता ।
या वीणावर दण्ड मण्डित करा, या श्वेतपद्मासना ॥
याब्रह्मा च्युत शंकर प्रभृति भिर्देवै : सदा वन्दिता ।
साव: पातु सरस्वती भगवती निःशेष जाड्या पहा ॥

१

જયઅંબે જગદીશ્વરી જગભરા,
જોગેશ્વરી જોગિની,
ભક્તાધિન ભવાનીમા ભગવતી,
ભોગેશ્વરી ભોગિની;
વંદે આ શીશું બાળ સર્વ મનથી,
પ્રેમેથી પરમેશ્વરી
ઇચ્છા મંડળ આ તણી પુરી કરો
અંબે ઉમા ઇશ્વરી

૨

જય જય જય આધ ભવાની—ટેક
સર્વ ભક્તને તારા જાણી.—જય૦
કર સાહે તું જગત જનુની,
પુરો આશ આ સર્વ સુજનની.—જય૦

૨

હરી તાપને તું સુખ આપ,
સર્વ કષ્ટ અમારાં કાપ—જય૦
છે શર્ણુ આ મંડળ તારે,
દેવી રક્ષા કરો અંબે મારે—જય૦

૩

ગાઓ ગાઓ બહુચર બાળી અંબીકા,
કરી મન શાન્તી ભજો જગતંબિકા.—ગાઓ૦
કુંકુમ હસ્ત ગ્રાહી, અક્ષત સુંદર સહી
જયે જયે જયે જયે
સુંદર પુષ્પો ગ્રહી વધાવો અંબિકા—ગાઓ૦
આનંદ થાએ અમોને આજ અતિ ઘણો,
પામ્યા દર્શન નહીં પાર ભાગ્ય તણો;
દુષ્ટ સંહાર કરો, સત્યની સાહ્ય કરો,
જયે જયે જયે જયે.
નવ દુર્ગાને વિનવે આ દાસ જનો. ગાઓ.

૪

જય જગતંબે માત કૃપાળુ વીનવું વારંવાર ભવાની—વીનવું વારંવાર
આર્ય બંધુમાં હાલ જણાએ, વધતો કુસંપ પ્રચાર,
તે સરવેનો નાશ કરીને, સંપ લક્ષ્મી તું આપ—ભવાની૦
સંપ લક્ષ્મી વીણ આર્ય પુત્રનાં, ગયાં સહુ સુખ સાજ
સ્વધર્મનું અભિમાન તજીને, થયા તેજહીણ આજ—ભવાની૦
હે જગતંબે આર્ય ભવાની, બહુચર બાળી માત,
અમો બંધુમાં સ્વધર્મને તું. સ્થીર કરીને સ્થાપ—ભવાની૦

૫

ચાલો જગતંબાને દ્વાર, દ્વાર સહુ આર્યો,—ચાલો.
પૂજન કરીએ, નૈવેદ્ય ધરીએ
પુષ્પોના શ્રૃંગીએ શ્રૃંગાર—શ્રૃંગાર સહુ આર્યો—ચાલો
નવરાત્રીના છે દિન શુભ આજે
ગાઓ ગૂણ નરનાર— નરનાર સહુ આર્યો—ચાલો

૬

શ્રી જગતંબા દયાળી, છે અષ્ટ ભુજા વાળી,
દર્શન કરો નીહાળી, આનંદમાં રહો માહલી—શ્રી જગતંબા
મંગળીક દિન આજે, નવરાત્રી શુભ ગાજે
વદો ગુણ ધર્મ કાજે, આનંદમાં રહો માહાલી—શ્રી જગતંબા
નિજધર્મ દાઝ રાખો, કેળવણી સ્વાદ ચાખો,
ઉદ્યોગ નવા રાખો, આનંદમાં રહો માહાલી—શ્રી જગતંબા
હુન્નર નવા ફેલાવો, આર્યોનું નામ ગજાવો,
કિર્તિ અમર મીલાવો, આનંદમાં રહો માહાલી—શ્રી જગતંબા

૭

ગુણ ગાઓ (૨) આજે આનંદે કરી.
પ્રીતી પૂર્ણ ભરી—ગુણ.
નવરાત્રી તણા દિન શુભ આજે,
આદ્ય શકિતને નમન કરી, ચરણે શીર ધરી—ગુણ.
શુંભ નિશુંભ વિદારિણી હે મા,
દુષ્ટ દરદોને દહન કરી, સરવે શાંતિ કરી—ગુણ.
રક્ષણ કરજે મા તુજ તનુંજોનું,
અમ શીશુપર કૃપા દ્રષ્ટી કરી, હિત હ્રદયે ધરી—ગુણ.

૮

હે અંબે અમો આર્ય જનોને, સુમતી સત્વર આપ.
બ્રાહ્મણ, ક્ષત્રી વૈશ્ય સુદ્ર સહુ, બન્યા તેજ હીણ આજ,
ધર્મ ચૂકી, માન મૂકી, થયા દુઃખી, કર સુખી
મા કૃપા કર, દુખ હર, સુખકર પ્રીતે અમો આર્યને આજ.
—હે અંબે.

૯

સાહ્ય કર મા (૩) સાહ્ય, સાહ્ય.
સુવર્ણ સમ આ આર્ય ભુમિને.
થઇ રસવિણ નિરમાલ્ય;
પય ઘૃત પુરૂં ધાન્ય મળે નહીં,
રીબાએ બહુ કંગાલ—સાહ્ય.
આર્યાવ્રત તણું જે ગોધન,
ઘટતું જાએ હાલ
સહુ જનને સદ્‌મતિ આપીને,
અટકાવો તતકાળ—સાહ્ય.
સ્વધર્મ ઉપર રાખી પ્રીતી,
મેળવો ધર્મનું જ્ઞાન;
વૈદિક વિદ્યા લોપ થાય છે,
કેમ બન્યા અનજાણ—સાહ્ય.

૧૦

આજે આનંદ આનંદ જયકાર થઇ રહ્યા,
જયકાર થઇ રહ્યા, જયકાર થઇ રહ્યા—આજે
બંધુજનો સાથે મળી.

તજી હૈત અભિમાન;
પ્રીતે પ્રણુવો અંબિકા,
ધરી એક ચિત્ત ધ્યાન.
કરશે કરૂણા આદ્ય શક્તિ એ ઇશ્વરી,
હરશે ત્રિવિધ તાપ ખાંઇ જે રહો—આજે.

૧૧

આજે આનંદનો નહીંપાર, ગુણુ સહુ ગાઓ બહુચરબાળી
આરા સુરીમા અંબે ભવાની, કાત્યાયની હે માય,
આર્ય જનોની હિત ચિંતક થઇ, કરમા ગઉરક્ષાય—આજે
ચંડ મુંડ સંહારક હે મા, પ્રણુમીએ વારંવાર,
અમો બાળપર મેહેર કરીને, આપજે સદવિચાર—આજે

૧૨

થઇ રજની કરો સ્મરણુ, અંબા ગુણુ ગીત ગાઓ
તન મન ધન અર્પણુ કરી, શર્ણું માતુ જાઓ—થઇ.
વિત્ત જોતું નથી અંબાને, ચિત્ત તમે દેવો,
ધરો ભક્તિ પામો મુક્તિ, સમજ જરા લેવો—થઇ.
કામ ક્રોધ મદ મત્સર, લોભ મોહ છોડો,
ભજન પુજન અર્ચન કરી, પાપ મુક્ત થાવો—થઇ.
ત્વરા કરી ભવ ઉતરી, જન્મ સફળ કરવો,
બ્રહ્મ તનયા સ્તવન સુખ, લાભ ત્વરિત લેવો—થઇ.

૧૩

ચાલો સુજનો સહુ આજરે,
જઇએ જનુંની દરશન.—ટેક.
પુજન અર્ચન, નૈવેદ્ય ધરીને,
કરીએ માતાજી પ્રસન્નરે—જઇએ.

મહિસાસુર આદી અસુર સંહારી,
કર્યું મા ધર્મ રક્ષણ રે—જયએ.
વિનંતી ઉર નિજ દાસની ધરીને,
દુષ્ટોનું કર મા દમન રે—જયએ૦

૧૪

કરો કરો સ્વધર્મ ઉપર પ્રીતી,
રાખો રાખો પુરવજોની રીતી. ટેક
સ્વદેશમાંથી રિદ્ધી સિદ્ધી ગઈ,
ગયો વઇભવને સુખ—માત તારી અકળ ગતી—કરો.
આળસ તજી ઉદ્યમી બનીને સહુ,
શોધોકતી નવીન—જેથી થાએ ઉન્નતી—કરો.
દેશી વસ્તુને ઉત્તેજન દઈ,
રાખો સ્વદેશ અભિમાન—અટકાવો લક્ષ્મિ જતી—કરો.
કરૂણા કહે કરજોડી વિનંતી,
સાહ્ય થજે હે માત—આપજે સદ્મતી—કરો

૧૫

નમું પ્રીતે સરસ્વતી તુજને.
મયુર વાહિની, હે આનંદી, છઇએ શરણે તારે,
તું છો શાણી, દયા આણી, આપો ભક્તિ અમોને—નમું.
શોભે સુશોભિત અંગ,
મુખ જાણે પુનમચંદ,
સુંદર વીણા શોભે સંગ,
નીરખી આવે છે ઉમંગ.
અમો સેવકો સ્તુતિ ઉચરીએ, તું ભવસાગર તારે,
તું છો શાણી, દયા આણી, આપો ભક્તિ અમોને—નમું.

૧૬

મુંબાપુર રે નગ્ર સુશોભિત સોહે, જે નીરખીને મન મોહે.
પશ્ચિમ દિસે ટેકરી સમ કઇલાસ, જ્યાં શ્રી બાબુલનાથનો વાસ.
અવિનાશી એ નીરાકાર
અખિલ જગ તણા આધાર
શંભુ સુખદ્ દુઃખ હરનાર.
ઉછરંગે રે સતી શૈલજા સોહે—જે નીરખીને.
મંદીર શોભે સુંદર નકશીદાર, રૂડાં રૂપેરી ઝળકે દ્વાર.
સનમૂખે છે સભામંડપ સુખધામ, જ્યાં આનંદે લઇએ વિશ્રામ
દક્ષિણ હસ્તે રમણિય સ્થાન.
શોભે લક્ષ્મિ સહિત ભગવાન
કોટી કંદર્પ સુંદર સ્યામ
એવા હરિહરને નીરખ્યા નહીં નર નાર, તેનો વૃથા સમજો આવતાર

૧૭

નમન નમન ચરણ ગવરિનાથ
દક્ષદમન દક્ષદમન નમન.
ભસ્મઅંગ શીરગંગ, સર્વઅંગ, છે ભુજંગ,
ડાક ડમરૂ સાથ પિનાક ગ્રહ્યું હાથ. નમન.
વિશ્વપાળ, હે દયાળ, દિનતાનું દુઃખટાળ
સર્વે મળી સાથ વિનવીએ હે નાથ. નમન.

૧૮

ધનવાનો ખરચો ધન, વિચારી મન.
કરો દેશોન્નતીનાં કામ, મળી સહુ અરપી તન મન ધન. ધનવાનો.
પરમાર્થે કરો ધરી પ્રીત

ચતુરાઇ ચલાવી ચિત્ત
સુમાર્ગે વાપરો વિત્ત
ફળ મળશે મનવાંછિત.
મિથ્યા માનો તન ધન, ઓ ગુણીજન—વનવાનો.

૧૯

હે જગત જનુંની માત આદ્ય ઇશ્વરી
અધમ સ્થીતિ થતી તું ટાળજે કૃપા કરી
વર્ણાચાર, ધર્મ બહાર, જાય નવ જરી.
પ્રિતે કરી ચિત્તે ધરી.
સ્વધર્મમાં કર્મમાં રહે વીચરી—હે જગત૦
સ્વધર્મ કર્મ મુખ્ય છે થવાને સદ્‌ગતી.
સ્વધર્મ વીણ પામીએ અધોગતી.
જવા દુઃખ, થવા સુખ, સેવો ભગવતી
નમી નમી નમી નમી.
સહુ સાથ મળી માતની કરો વીનતી—સ્વધર્મ.

૨૦

જય જગ જનુંની સુખકારી, મંગળરૂપ મનોહર ભારી.
કાને કુંડળ કનક જડીત્ર, શીર મુગટ ઝળકે વિચિત્ર
નાશીકાએ નથની સારી. જય જગ.
કંઠે મુકતા ફળના હાર, પાયે નેપુરના ઝણકાર
અષ્ટ ભુજાએ આયુધ ધારી. જય જગ.
અંગે સજ્યા સોળ શૃંગાર, જેની શોભાનો નહીં પાર,
સીંગ ઉપર કરી છે સવારી જય જગ.
ભિન્ન ભિન્ન ધારી શુભ રૂપ, માર્યા દુષ્ટ અસુરના જુથ
જે હતા બહુ પીડકારી. જય જગ.

એવા દુષ્ટો સંહારી અનેક, રાખી ભક્તોની ભલી ટેક
એવી માત છે દુઃખ હરનારી.જય જગ

૨૧

દુષ્ટ કળી કાળ પ્રવર્ત્તે ભારી.
વારે ધાવ (૩) ધાવે ધાવ ધાવ માતરે. કળી કાળ૦
તજી દીધી વડીલોની રીતી, ધર્મ પર નવ રહી પ્રીતી.
પરવિત્ત હરવાની નીતી, નવ ધરે પ્રભુની ભીતી.
પરનીંદા રહી મન વસી, કરેમન હસી
એવી એવી અનીતી રહી છે જારી. દુષ્ટકળી૦

૨૨

અમુલ્ય રત્ન જાણજો—વિદ્યા વિદ્યા
પરમ મિત્ર માનજો—વિદ્યા વિદ્યા
સાધન સુખનું એ શ્રેષ્ટ સરવથી
નિશ્ચય કરી મન માન જો—વિદ્યા વિદ્યા અમૂલ્ય૦

વિદ્યા વીણ જે માનવી,
જાણો પશુ સમાન.
શોભે નહી તે મુર્ખજન,
સાથ મળે વિદ્વાન.

છીનવી શકાએ નહીં તશકરથી,
એવી ગુપ્ત ધનની એ ખાણ જો—વિદ્યા વિદ્યા. અમુલ્ય૦

૨૩

ભાવે ભાવે (૨) ભજોને માતને જેથી થાએ સફળ જન્મારો.
સંસાર આ મૃગ જળ સમ જાણી.
કાયા માયા સહુ જુઠી લો માની.
જાવું જાવું (૨) તજીને સર્વને કોઇ સાથે નહી આવનારો.

આ દેહને ક્ષણ ભંગુર જાણી,
પરલોક માટે કરો કમાણી.
વારે વારે (૨) તમોને દેહરે આ નથી કદીએ મળનારો.
ભવસાગર તરવાનું જે સાધન,
પુણ્ય પ્રભાવથી મલ્યું છે આતન.
માટે માટે (૨) કરોને યત્નરે જેથી થાએ સફળ જન્મારો.

૨૪

સ્થંભપુર શુભ નગ્ર અનોપમ, શોભે બંધી રચના સારી,
મહારાજ શ્રી જામ તણું એ, પાટ નગર છે સુખકારી.
પશ્ચિમ દીસેં નદી વહે છે, ઘૃતાવતી નિર્મળ વારી,
તે તટ ઉપર મંદિર સુંદર, સ્થંભનાથ શ્રી ત્રિપુરારી.
પ્રથમ ગણપતી હનુમાનને, ભૈરવનાં દેવળ શોભે,
આગળ જાતાં બાગ છે રમણિય, તે જોવાને મન લોભે.
ગુલાબને મોગરો ચમેલી, જાઇ જુઇ બહુ ખીલી રહી,
ભાત ભાતનાં પુશ્પ તરૂફળ, શોભા તેની ન જાએ કહી.
પછી જઇએ નિજ મંદીર જ્યાં, શીખરબંધ દેવળ ભારી,
સ્થંભનાથ માહાદેવ બિરાજે, શંભુ સદા જે સુખકારી.
મહા પુજા દર શોમવાર દીન, ભરાય તે દરશન કરવા,
મેળવવાને આવે સહુ જન, સાધન ભવસાગર તરવા.
કઇલાશવાસી કાકુભાઇ અને, વાલજી શુત જીવરાજ તણા,
તન મન ધન અરપીને સેવા, કરવામાં નથી રાખી મણા.
કહે કરૂણા શંકર સમરણથી, પુનર જન્મનો ટળશે ભય
એકવાર સહુ મુખથી બોલો, સ્થંભનાથ મહાદેવની જય.

૨૫

ભક્તિ સુધારસ પાન, કરો સહુ ભક્તિ સુધારસ પાન.

જેથી પ્રસન્ન થાએ ભગવાન, કરો સહુ.
ભાવે ભજોને, મોહ તજોને, સદ્દગુણનો શણગાર સજોને.
દુર્ગુણ સર્વને દુર કરીને, દાન દયા દિલ ધૈર્ય ધરોને,
સંત સમાગમે સાર ગ્રહોને. જેમાં આપણું કલ્યાણ રહેલું છે
જેથી ટળે તિમિર અજ્ઞાન. કરો સહુ.

૨૬

બહુ સુરો (૨) ચાલ એ માનો, અટકાવો વિક્રય કન્યાનો,
કેવો કઠણ (૨) આવ્યો જમાનો, જે થાએ વિક્રય કન્યાનો.
એક દુહિતા બીજી ગાએ,
જ્યાં દોરે ત્યાં દોરાએ,
મુખથી નહીં કંઇ બોલાએ.
દ્રવ્યને માટ, પુત્રી અનાથ, વૃદ્ધ વર સાથ, આપે અજ્ઞાનો. અટકાવો
એવા નિજ સ્વારથી જે જન,
ગણે પુત્રીથી વહાલું ધન;
તે પીતા નહીં પણ દુસ્મન.
હે અંબે માત, પુત્રીદુઃખ કાપ, સન્મતી આપ, જે છે અજ્ઞાનો.
અટકાવો.

૨૭

પ્રણામ કરો પ્રણામ (૨)
માજી બહુચર બાળીને સર્વે મળી કરો પ્રણામ.
લીલા માજી તણી અપાર,
દુષ્ટ દૈત્યોનો નાશ કરીને તાર્યા ભક્ત અપાર. પ્રણામ.
અંબેને સેવો સહુ મળી સાથ,
પૂજન અર્ચન કરી પ્રીતે સહુ ભક્તિમાં ભીડો બાથ.—પ્રણામ.

વિનવો માજીને વાંરવાર,
આર્યાવ્રતમાં સંપફેલાવે, વિદ્યા તણો ભંડાર. પ્રણામ.
રાખો સ્વધર્મનું અભિમાન,
હિંમત ધૈર્ય ધારણ કરીને માજી ગુણ કરો ગાન—પ્રણામ.

૨૮

હે કલ્યાંણી કરી કરૂણા તું, કુસંપ ક્લેશ અમારાં કાપ
દુર્મતી કાપી સદ્દમતી આપી, અમો બંધુમાં સંપતું સ્થાપ
કુળ નાશ કર્યો કુસંપે કરીને દુર્યોધન,
પાંડવોથી ક્લેશ કરી થયા એ પતન,
સત્યની સહાય કરી શ્રી જગજીવન. કુળ.
સંપ વિણ સંપત્તિ રહે છે સદાકાળ દુર
સંપ વિણ સુખ મળશે નહીં જરૂર
સંપ વિણ કાઢી એક થાએ જેમ ચુર. સંપ.

૨૯

માજી દુઃખો આ થાએ ન અમે સહન,
અમે સહન, માજી અમે સહન.—માજી દુઃખો.
દુષ્કાળ પીડે એક તરફ બહુ,
માહામારી દુઃખ અતી કઠણ,—માજી દુઃખો.
જ્વાલામુખીના જોરે કરીને,
દુઃખી થયા માજી અનેક જન.—માજી દુઃખો.
આશ્રય તુજ વિણ એકે ન અમને,
થાઓ કૃપાળુ વીનવિએ તન—માજી દુઃખો.

૩૦

રણછોડ દયા કરો, દુઃખ ભક્તનાં હરો,
દાસની વિનંતી પ્રભુ ધ્યાનમાં ધરો—રણછોડ૦

ભરતખંડની પશ્ચિમ બાજુ, આવ્યું દ્વારકાં ધામ,
દ્વારકેશ ત્યાં રાજ કરે છે, પ્રભુ જે સુંદિર શ્યામ—રણછોડ૦
વાસુદેવ મહારાજ બીરાજે, દેવકીજી સન્મુખ,
હળધર બંધુ પાસે શોભે, ટાળે સહુનાં દુઃખ—રણછોડ૦
ત્રિવિક્રમ કલ્યાણજી પાસે, પાછળ પટરાણી,
સોળ સહસ્રને અષ્ટ છે નારી, પ્રભુની ધણીઆણી,—રણછોડ૦
રાધા લક્ષ્મિ ને સત્યભામા, જાંબુવંતીની જોડ,
પરમ કૃપાળુ પ્રભુએ નારી, સહુના પુર્યા કોડ,—રણછોડ૦
અંબાજી પુરૂષોત્તમજીને, ગુરૂ દત્તાત્રી પાશ,
કોલવો કેશવ કુશેશ્વરને, કાશી વિશ્વનો વાસ—રણછોડ૦
માધવ રાધા કૃષ્ણજી શોભે, લક્ષ્મિ નારાયણ,
પ્રીતે કૃષ્ણનાં દર્શન કરવા, આવ્યા સર્વે જન—રણછોડ૦
ગામની પશ્ચિમ બાજુ બિરાજે, સિદ્ધ નાથ મહારાજ,
દર્શન કરવાથી સહુ જનનાં, સરસે સઘળાં કાજ—રણછોડ૦
એવા પરમ કૃપાળુ પ્રભુની કરોને સહુ જન સેવ,
ભવસાગરથી મુક્ત કરાવે, ઇષ્ટનાથ મહાદેવ.—રણછોડ૦
ઉત્તમ એવું ધામજ જાણો, થાય ન જેનું મુલ્ય,
દેવાલયથી સુંદર શોભે, સ્વર્ગ પુરી સમતુલ્ય.—રણછોડ૦
અલ્પમતિથી શીત પ્રભુનો, દાસ કહે વિસ્તાર,
ભૂલ ચૂકની માટે મારી, માગું વારંવાર.—રણછોડ૦

સમાપ્ત.

